


"શું થવા બેઠુ છે..., આપણા સમાજનું અને આપણા ગુજરાતનું..?"

"સાહેબ, કેમ આટલા બધા વ્યથિત છો..? શુ ચિંતા તમને સતાવે છે..?"

"...કેમ, જોતાં નથી છેલ્લા એક મહિનામાં કોઈકને ઘોડા પરથી નીચે ઉતારાય છે તો કોઈકને પટ્ટાથી માર મરાય છે. કોઈકના ઘર પર હૂમલો થાય છે તો ક્યાંક સામાજિક બહિષ્કાર થાય છે તો ક્યાંક દોરડે બંધાઈને મહિલા માર ખાય છે. કેટકેટલા બનાવો હચમચાવી નાંખે છે."

"સાચી વાત છે, સાહેબ, ખૂબ જ ચિંતાજનક રીતે ઘટનાઓ બને છે. કાયદો-વ્યવસ્થા છે કે નહી એ તો ખબર જ નથી પડતી."

"અરે, કાયદો-વ્યવસ્થાની વાત બાજુ પર રાખો, આપણી સામાજિક વ્યવસ્થા કેવી તૂટી રહી છે એની ચિંતા કરો."

"સાહેબ, ચિંતા કરીએ કે ચર્ચા કરીએ, પહેલાં તો તિરાડો દેખાતી હતી, હવે તો ગાબડાં પડવા માંડ્યા છે. રફેદફે થઈ રહી છે. વ્યવસ્થા એ સમાજની હોય કે કાયદાની, કોઈને કોઈ કહેનાર ન હોય એમ બધુ બેફામ ચાલી રહ્યું છે."

"ના ચાલેને, નથી સરકાર લાલ આંખ કરતી, નથી સમાજના મોભીઓ લાલ આંખ કરતા, બધાને બધુ જાણે ચાલવા જ દેવુ છે, જાણે કે આપણી સામાજિક વ્યવસ્થા તોડી નાંખવા જ બધા બેઠા હોય એમ લાગે છે."

"જવા દો ને સાહેબ, ચૂંટણીઓમાં જ્ઞાતિ-સમાજોના સમીકરણોને બહેકાવી-બહેકાવીને મતના ઉઘરાણાં કર્યા હોય. હવે કોને શું કહેવાનો અધિકાર બચ્યો છે."

"હા... હા... મૂળ રામાયણ જ એ છે ને. ચૂંટણીમાં જોર જમાવતુ જ્ઞાતિવાદનું દૂષણ કેટલુ અને કેવુ વકરી શકે છે એના આ તો નમૂના છે. હજુ તો જોજો સમય કેવો આવશે..?"

"...પણ સાહેબ, આ અટકાવવુ પડે. નહીં તો સમાજ વ્યવસ્થાના લીરેલીરા થશે. સરકાર કે સમાજના આગેવાનો જો કશુ ન કરી શકતા હોય તો સંતો-મહંતોએ મેદાનમાં આવવું જોઈએ."

"હંમમ્... એ વાત બરાબર છે હો... હજુ એમનો પ્રભાવ રહ્યો છે. જો સમાજને જોડવા માટે સંતો-મહંતો મહત્વની ભૂમિકા ભજવી શકે છે... પણ..."

"અરે પણ શુ..? એ પણ જ્ઞાતિ-સમાજોના વાડાઓમાં અટવાયેલા છે એમ જ ને...?"

"સાહેબ, બાંધી મુઠ્ઠી સવા લાખની... હવે જેટલો પ્રભાવ એમનો બચ્યો છે એનો આ સામાજિક કટોકટી વખતે ઉપયોગ કરવો જોઈએ."

"વાત તમારી સાચી છે પણ એમાં રાજકારણ તો આવવાનું જ..!"

"રાજકારણની જ મોકાણ છે ને. કોઈ ક્ષેત્ર બાકી રાખ્યુ નથી કે જેમાં રાજકારણ ન આવ્યુ હોય. ખૂણે-ખૂણો અભડાવી દીધો છે. પણ હવે આ વિષચક્રને નાથવુ પડશે, કોઈ પણ હિસાબે."

"હા...હા...હા... સામાજિક સમરસતા, સામાજિક એકતા માટે પ્રતિબદ્ધ બનવાનો સાચો સમય આવી પહોંચ્યો છે."

"અને એટલે જ સામાજિક એકતાને ખંડિત કરતા તત્વોને દાખલારૂપ સજા કરવી જોઈએ અને જે તે સમાજોના મોભીઓએ સાથે બેસીને દોષિતોને ધમકાવવા જોઈએ અને આવા વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા અટકાવવા જોઈએ, ખરૂને..?"

"હા... સાહેબ...હા...

## હળવા વરસાદી ઝાપટાની હવામાન વિભાગની આગાહી

અમદાવાદ,તા.૧૮

રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી સંતાકૂકડી રમી રહેલા વરસાદની ટૂક સમયમાં પધરામણી જોવા મળે તેવી હવામાન વિભાગે આગાહી કરી છે. જેને લઈને હવામાન વિભાગે ગાંધીનગર-અમદાવાદમાં હળવા વરસાદી ઝાપટા પડી શકે છે તેવી સંભાવના આપી છે. હવામાન વિભાગે વરસાદને લઈને આ આગાહી કરી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજ્યમાં આવતા સપ્તાહમાં ચોમાસાનો વિધિવત પ્રારંભ થવાની શક્યતા છે.

## દહેગામ તા.પં. માટે કોંગ્રેસ વધુ એક વખત હાઈકોર્ટ પહોંચી

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લા પંચાયત સિવાય કલોલ, દહેગામ અને માણસા તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી માટે કોંગ્રેસ દ્વારા તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે કોંગ્રેસ પક્ષ દ્વારા ત્રણ સભ્યો અંગે આજે રાજ્યની વડી અદાલતમાં અરજી દાખલ કરવામાં આવી છે. જો કે કોંગ્રેસ અહિ તાલુકા પંચાયત બચાવવા માટે મરણિયા પ્રયાસ કરી રહ્યું છે.

બીજી તરફ માણસામાં પણ પરિસ્થિતિ હજુ પ્રવાહી છે. જોકે કલોલ તા.પં.માં કોંગ્રેસ તેનુ વર્ચસ્વ જાળવી શકશે તેમ મનાઈ રહ્યું છે.

૨૦મીએ ચૂંટણી પછી જ ચિત્ર સ્પષ્ટ થશે તેમ મનાઈ રહ્યુ છે. જોકે જિલ્લા કોંગ્રેસમાં જે રીતે જૂથબંધી થયેલી છે તેને કારણે પ્રદેશ નેતાઓ સુધી સમગ્ર મામલો પહોંચ્યો છે.

પ્રદેશ નેતાઓએ આજે મોવડીમંડળની ચાલી રહેલી બેઠકમાં મોડી સાંજે ગાંધીનગર અંગે નિરીક્ષકોના અહેવાલને આધારે જિલ્લા કોંગ્રેસના નેતાઓ સાથે પરામર્શ કરી નિર્ણય લેશે તેમ મનાઈ રહ્યુ છે.




બાલોદ્યાન બંધ કરાયો - સેક્ટર-૨૮ સ્થિત બાલોદ્યાન ખાતે અચાનક જ રિનોવેશન કામગીરી આરંભાતા મુલાકાતીઓ માટે બાલોદ્યાન બંધ કરાયો હતો... એકાએક બંધ કરાતા મોટી સંખ્યામાં મુલાકાતીઓ નિરાશ થયા હતા... જોકે સત્તાવાહકોના ખુલાસા મુજબ રિનોવેશનની કામગીરી અગાઉથી નિર્ધારીત થઈ હતી... જે અંગે પ્રવેશદ્વાર પાસે બાલોદ્યાન બંધ રહેવાની નોટીસ પણ લગાવવામાં આવી છે....

# જિલ્લા પંચાયતના પ્રમુખપદની ચૂંટણીમાં કોંગ્રેસનો જૂથવાદ સપાટી પર

**સરકીટ હાઉસમાં આજે કોંગ્રેસના નિરિક્ષકોએ બન્ને જુથના સભ્યોની સેન્સ લીધી : આજે ફોર્મ ભરાશે અને ચકાસણી બાદ ૨૦ મી એ પ્રમુખ ઉપપ્રમુખ પદની ચુંટણી : કોગ્રેસની આંતરિક જુથબંધીનો રાજકીય લાભ ખાટવા ભાજપ પણ આતુર**

ગાંધીનગર તા ૧૮

કોંગ્રેસ શાસિત ગાંધીનગર જિલ્લા પંચાયતમાં પ્રમુખ - ઉપપ્રમુખની ટર્મ પુરી થતા આવતીકાલે ચુંટણી પ્રક્રીયા હાથ ધરાશે. આ પુર્વે પક્ષના નિરિક્ષકોએ આજે સભ્યોની સેન્સ લીધી હતી. પ્રમુખપદને અનુલક્ષી રાજકીય વર્તુળમાં ગરમાવાનો માહોલ છે. બીજીતરફ જિલ્લા પંચાયતના પ્રમુખપદની ખુરશીને હાંસલ કરવા રાજકીય ઉત્તેજનાના માહોલ વચ્ચે કોંગ્રેસમાં આંતરિક બળવાના એંધાણો પણ વર્તાઈ રહયા છે. જયારે ભાજપે પણ કોંગ્રેસના આંતરિક જુથવાદને ધ્યાને લઈ રાજકીય લાભ ખાટવા માટે છાનાખુણે નવા સમીકરણો માંડયા છે. જિલ્લા પંચાયતના પ્રમુખ ઉપપ્રમુખપદની ચુંટણીને અનુલક્ષી કોંગ્રેસના બન્ને જુથના સભ્યોએ આજે સરકીટ હાઉસમાં નિરિક્ષકો સમક્ષ રજુઆત કરી હતી. મહીલા સામાન્ય કેટેગરીના પ્રમુખપદ માટે એકજુથ દ્વારા ત્રણ મહીલા સભ્યોના નામ સુચવાયા હતા. જયારે અન્ય જુથે પણ અલગ અલગ રીતે નિરિક્ષકો સમક્ષ પ્રમુખપદને અનુલક્ષીને પોતાની સેન્સ રજુ કરી હતી. વારાફરતી સભ્યોની સેન્સ લેવાના મામલે પણ રોષ પ્રવર્તયો હતો. જુથના આંતરિક સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર એક જુથમાંથી મંગુબેન પટેલ , ગીતાબેન પટેલ અને કિર્તીબેન પટેલના નામ મુકવામાં આવ્યા હતા. જયારે અન્ય જુથે સોનલબેન પટેલ અને રમિલાબેન ચૌધરીનુ નામ રજુ કરાયુ હતુ. જો કે આ મામલે ધારાસભ્યો સહીત પક્ષના અન્ય નેતાઓની પણ સેન્સ લેવામાં આવશે. કોંગ્રેસ શાસિત જિલ્લા પંચાયતમાં પ્રમુખપદની ટર્મ પુરી થયા બાદ નવા પ્રમુખની ચુંટણીને અનુલક્ષી તા ૧૯ જુનના રોજ ફોર્મ ભરવાની પ્રક્રીયા હાથ ધરાશે. જયારે ૧૧ થી ૨ કલાક દરમિયાન ફોર્મ ની ચકાસણી કરાશે.સોમવાર સાંજ સુધીમાં ૧૪ જેટલા ફોર્મનુ વિતરણ થયુ છે.

● અનુસંધાન પાન-૭ પર

## ઘેર દિકરાની સગાઈ છતાં અભિપ્રાય આપવા સભ્ય હાજર રહ્યા...

પોતાના દિકરાની સગાઈની વિધિ છોડી કોંગ્રેસના સભ્યે પક્ષના આદેશને માથે ચડાવી પોતાનો અભિપ્રાય આપવા આજે નિરીક્ષકો સમક્ષ હાજર થયા હતા.

ડભોડા બેઠક પર વિજયી થયેલા દિનેશજી ઠાકોરના દિકરાની સગાઈનો પ્રસંગ આજે તેમના ઘરે હતો. તેમને રજુઆત માટે ૧૧.૩૦ વાગ્યાનો સમય અપાયો હતો. પરંતુ નિરીક્ષકો મોડા પડ્યા અને પછી તેઓને રજુઆતની તક મળી ત્યારે ઘણુ મોડુ થઈ ગયુ હતુ.

તેમણે કહ્યુ કે પક્ષ સાથેની વફાકારી મહત્વની છે. તેઓ આ બાબતે કોઈ બાંધછોડ કરવાની તરફેણમાં નથી.

## જિલ્લા પંચાયતનું કાઉન્ટ-ડાઉન

## પંચાયતના સભ્યોને સમય આપવામાં કાચુ કપાયુ ?

**નિરીક્ષકો પણ નિયત સમય કરતાં મોડા પહોંચ્યા : સમયની વિસંગતતાને લઈ સભ્યોમાં કચવાટ**

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં સભ્યોના મન જાણવા આવેલા નિરીક્ષકો સભ્યોને અપાયેલા સમય કરતાં મોડા પડ્યા હતા.

જિલ્લા પંચાયતના ૨૪ સભ્યોને સવારે ૧૧ વાગે સરકીટહાઉસ પહોંચવા જણાવાયુ હતુ તો કેટલાકને ૧૧.૩૦ વાગે પહોંચવા જણાવાયુ હતુ. આ બધાની વચ્ચે ૧૧.૩૦ થી ૧૧.૪૫ કલાકે માત્ર ૬ જ સભ્યો જ સરકીટ હાઉસ પહોંચ્યા હતા. આ દરમ્યાન નિરીક્ષક રઘુભાઈ દેસાઈ આવી પહોંચ્યા હતા પરંતુ સિનીયર નિરીક્ષક નિરંજનભાઈ પટેલ ૧૨ વાગે પહોંચ્યા હતા.

આ પછી તેમણે જિલ્લાના આગેવાનો જે હાજર હતા તેમની સાથે રાજકીય પરિસ્થિતિને જાણવાનો પ્રયાસ કર્યો હતો. જો કે એ દરમ્યાન જિલ્લાના આગેવાનોએ જ ભોજન-વિરામની ઘોષણા કરતાં

સભ્યો અને આગેવાનો ભોજન તરફ વળ્યા હતા. સભ્યોના મન જાણવાની પ્રક્રિયા બપોરે ૧ વાગ્યા પછી હાથ ધરવામાં આવી હતી.

## ઉપપ્રમુખ પદ માટે માત્ર બે જ સભ્યોએ દાવો કર્યો

ગાંધીનગર જિલ્લામાં આજે પ્રમુખ-ઉપપ્રમુખના ચૂંટણી જંગમાં સભ્યોના મન જાણવા આવેલા નિરીક્ષકો સમક્ષ માત્ર બે જ સભ્યોએ ઉપપ્રમુખ પદ માટે દાવો રજુ કર્યો હતો.

વર્તમાન ઉપપ્રમુખ ભરતભાઈ પટેલ તથા મહિલા બાળ વિકાસ સમિતિના ચેરમેન નરેશજી ઠાકોરે આ ઉપપ્રમુખ પદ માટે ઈચ્છા વ્યક્ત કરી હતી.

સમિતિઓની રચના માટે અલગથી કાર્યવાહી થશે તેમ કોંગ્રેસના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળ્યુ છે.

## જિલ્લા પંચાયતના ચૂંટણી જંગ માટે ૧૪ ઉમેદવારો ફોર્મ લઈ ગયા

ગાંધીનગર જિલ્લા પંચાયતની ૨૦મીએ યોજાનાર ચૂંટણી માટે આજે ૧૪ જેટલા ફોર્મ ઉમેદવારો દ્વારા લઈ જવામાં આવ્યા છે.

ભારતીય જનતા પક્ષ તરફથી પણ આ ચૂંટણીમાં ઝંપલાવવામાં આવે તેવી શક્યતાઓ છે. જો કે ભાજપના સભ્યોનું સંખ્યાબળ માત્ર ૬ છે. ભાજપ તરફથી પક્ષના નેતા જયેશ ચૌધરી પ્રમુખપદની સ્પર્ધા માટે ઉમેદવારી પત્ર લઈ ગયા છે.

અન્ય જે સભ્યો ફોર્મ લઈ ગયા છે તેમાં મહિલા અને બાળ વિકાસ સમિતિના ચેરમેન નરેશજી ઠાકોર ૪ સેટ, ઉપપ્રમુખ ભરતભાઈ પટેલ ૩ સેટ, શિક્ષણ સમિતિના ચેરમેન ગીતાબેન પટેલ ૨ સેટ, રૂપાલ બેઠક પરથી વિજયી થયેલ સોનલબેન પટેલ ૨ સેટ, છાલા બેઠક પરથી વિજયી થયેલ મંગુબેન ચૌધરી ૨ સેટ ફોર્મના લઈ ગયેલ છે. ૧૯મીએ બપોરના બે વાગ્યા સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે અને આ પછી બે વાગે ઉમેદવારી પત્રોની ચકાસણી હાથ ધરી હરિફ ઉમેદવારોની યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે.

જે ૨૦મીએ મળનારી સામાન્ય સભામાં મતદાન પર લેવામાં આવશે જેમાં સૌથી વધુ મત મેળવનાર સભ્યને વિજેતા ઘોષિત કરવામાં આવશે. ૨૦મીની સામાન્ય સભાને લઈ તંત્ર દ્વારા પણ તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. સામાન્ય સભાને લઈ કયા કયા કર્મચારીઓ કઈ કઈ ફરજો બજાવશે તેના હુકમો પણ આજે જારી કરી દેવામાં આવશે જે ૨૦મીની સામાન્ય સભામાં ખાસ ફરજો બજાવશે.

# શહેરમાં સફાઈ ન થતી હોવાના મામલે સામાન્ય સભામાં મેયરનો એકરાર

**કોર્પોરેટરોની રજુઆતોને ગંભીરતાથી લઇ ઇન્ચાર્જ મ્યુનિ કમિશ્નર ટુંકમાં બેઠક બોલાવશે**




ગાંધીનગર તા ૧૮

કોર્પોરેશનમાં કર્મચારીઓની ભરતી મામલે નિયમો મંજુર કરવા કે નહીં તે અંગેનો નિર્ણય લેવા માટે આજે કોર્પોરેશનની સામાન્ય સભા મળી હતી. જયારે બેઠકના પ્રારંભે જ ભરતીના નિયમોને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી હતી. કોંગ્રેસના કોર્પોરેટરોની ચર્ચાની માંગને પણ મેયર પ્રવિણ પેટલે સ્વીકારી હતી. સામાન્ય સભા દરમિયાન વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ નગરના આંતરિક વિસ્તારો અને ગ્રામ્ય વિસ્તારોમાં સફાઈનો મુદ્દો રજુ કર્યો હતો. તેમણે આ અંગે જણાંવ્યુ હતુ કે જેના અંતે શહેરમાં સફાઈ થતી ન હોવાનુ મેયરે પણ સ્વીકાર્યુ હતુ. આ મામલે જવાબદાર એજન્સી સામે પગલા લેવા શુ કરાયુ અને વરસાદી દિવસોમાં કાદવ કિચ્ચડ થતા માઈક્રોશોપિંગ વિસ્તાર માટે શુ પગલા લેવાયા જેવા પ્રશ્નો સંદર્ભે ડેપ્યુટી કમિશ્નરે જણાંવ્યુ હતુ કે વર્ગ ૧ અને ૨ના અધિકારીને જવાબદારી સોંપવામાં આવી છે. જયારે બીલ અટકાવી જરૂર જણાંય તેવા કિસ્સામાં પેન્લટી પણ ફટકારાશે. વિપક્ષ નેતા શૈલેન્દ્રસિંહે ડોર ટુ ડોર અન્વયે ૩૦ ટકા જ કામગીરી થતી હોવાનો આક્રોશ વ્યક્ત કરી ઘરદીઠ રૂ ૪૦૦ની વસુલાત થતી હોવાના મામલે પણ પ્રશ્ન ઉઠાવ્યો હતો. ઈન્ચાર્જ મ્યુનિ કમિશ્નર એસ કે લાંગાએ આ બાબતોને ગંભીરતાથી લઈ ટુંકમાં બેઠક બોલાવવા પણ જણાંવ્યુ હતુ. જયારે કોર્પોરેટર હસમુખ મકવાણાએ ગ્રામ્ય વિસ્તારમાં માર્ગોની સફાઈના અભાવે માટીના થર જામ્યા હોવાનુ જણાંવ્યુ હતુ. જો કે મેયરની દરમિયાનગીરીના અંતે સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન મનુભાઈ પટેલે આ મામલે કોઈ ફરિયાદ ન મળી હોવાનુ પણ જણાંવ્યુ હતુ. સફાઈની ગ્રાન્ટ મામલે મોનીટરીંગ ન થાય તો બંધ કરવાનો ઉગ્ર મત પણ કોર્પોરેટર જીતુ રાયકાએ સભા દરમિયાન વ્યકત કર્યો હતો.

# શહેરના ત્રણ બગીચાઓની રોનક નિખરી

**૩.૨૫ કરાડના ખર્ચે કાયાપલટ : સે-૭ ,સે-૨૪ અને સે-૨૭ માં બગીચાઓના નવિનીકરણનુ કામ પુર્ણ કરાયુ આગામી દિવસોમાં સે-૨ અને સે-૭ ન્યુના બગીચાઓની પણ કાયાપલટ કરાશે**

ગાંધીનગર તા ૧૮

શહેરના સેકટરોમાં સ્થિત બગીચાઓ અત્યંત કંગાળ હાલતમાં છે. દુવિધાઓ વચ્ચે હરિયાળી ગુમાવતા ઉદ્યાનોને મરણપથારીએથી બેઠા કરવા કોર્પોરેશન કક્ષાએથી તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. શહેરના સે-૭,૨૪ અને સે-૨૭ માં બગીચાઓના નવિનીકરણ કરવામાં આવ્યુ છે. સે-૭ ના બગીચાને પણ નવા રૂપરંગ આપવાની કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. આગામી દિવસોમાં સે-૨૪ અને સે-૨૭ ના બગીચાનુ કામ પણ પુર્ણ કરી દેવાશે. આ ત્રણેય બગીચાઓના નવિનીકરણ પાછળ રૂ ૩.૨૫ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

સેકટરોમાં બગીચાઓની હાલત દિનપ્રતિદિન કંગાળ બનતી જાય છે. સેકટરોના બગીચાઓની જાળવણીના નામે મીંડુ છે. જો કે કોર્પોરેશન હસ્તકના ઉદ્યાનોનુ તબક્કાવાર નવિનીકરણ કરવામાં આવી રહયુ છે. કોર્પોરેશન દ્વારા સે-૭ , સે-૨૪ અને સે-૨૭ ના બગીચાઓના નવિનીકરણનુ કામ આખરી તબક્કામાં ચાલી રહયુ છે. સે-૭ ના વિશાળ ઉદ્યાનનુ નવિનીકરણ પુર્ણ કરી દેવાયુ છે. જેના લીધે સેકટરવાસીઓમાં ખુશીની લાગણી વ્યાપી છે. કોર્પોરેશન કક્ષાએથી ઉદ્યાનોની રોનક નિખારવા માટે હાથ ધરાયેલી કામગીરીના અંતે બગીચાઓમાં બાળકો માટે રમતગમતના સાધનો, કસરતના સાધનો , વોકીંગ ટ્રેક તેમજ નવી થીમ આધારીત બ્યુટીફિકેશન કરવામાં આવ્યુ છે. આ બગીચાઓને વધુ નયનરમ્ય અને સુંદર બનાવવા માટે પ્રયાસ કરાયો છે. જયારે આગામી દિવસોમાં સેકટરોના અન્ય બગીચાઓને પણ હરિયાળા અને સુંદર બનાવવા માટે કામગીરી હાથ ધરવામાં આવશે. જેમાં કોર્પોરેશનના સુત્રોના જણાંવ્યા મુજબ આગામી વર્ષમાં સે-૨ શોપિંગ સેન્ટર નજીકના બગીચા ઉપરાંત સે-૭ એ ના બગીચાનુ કામ પણ હાથ ધરાશે. જેના અંતે આ બગીચાઓની પણ શિકલ ફેરવી દેવાશે. સેકટરોમાં લાંબા સમયથી ઉજ્જડ ભાસતા ઉદ્યાનો પૈકી કોર્પોરેશન હસ્તકના બગીચાઓની કાયાપલટ કરવા માટે નવતર આયોજન કરવામાં આવી રહયુ છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાઘે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com